


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 009
Dt.: 17-09-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### નોર્થ-ઈસ્ટના રાજ્યમાં રાજકીય ઉથલપાથલ

# મેઘાલયમાં ૮ મંત્રીઓએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યુ

## અધિકારીઓએ જણાવ્યું હતું કે આ રાજીનામા મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સ્થાન આપવાના ઉદ્દેશ્યથી આપવામાં આવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મેઘાલય

મેઘાલયમાં મંગળવારે (૧૬મી સપ્ટેમ્બર) મંત્રીમંડળમાં ફેરફાર પહેલા ૧૨માંથી ૮ મંત્રીઓએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. રાજીનામું આપનારાઓમાં દિગ્ગજ નેતાઓ એ.એલ. હેક, પોલ લિંગડોહ અને એમ્પારીન લિંગડોહનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ રાજીનામા મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સ્થાન આપવાના ઉદ્દેશ્યથી આપવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, નેશનલ પીપલ્સ પાર્ટી(NPP)ની આગેવાની હેઠળની મેઘાલય ડેમોક્રેટિક એલાયન્સ (MDA) સરકારના વડા મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ રાજભવન ખાતે રાજ્યપાલ સી.એચ. વિજયશંકરને મળ્યા અને મંત્રીઓના રાજીનામા સુપરત કર્યા. મંત્રીમંડળમાં જોડાયેલા નવા મંત્રીઓને મંગળવારે સાંજે ૫ વાગ્યે રાજભવન ખાતે પદ અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યાનુસાર, રાજીનામું આપનારા આઠ મંત્રીઓમાં NPPના અમ્પારિન લિંગદોહ, કામિંગવાન યામ્બોન, રક્કમ એ સંગમા અને અબુ તાહેર મંડલ, યુનાઈટેડ ડેમોક્રેટિક પાર્ટી (UDP)ના પોલ લિંગદોહ અને કાર્મેન શૈલા, હિલ સ્ટેટ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (HSPDP)ના શકલિયાર વારજારી અને ભાજપના એ.એલ. હેકનો સમાવેશ થાય છે.

નિયમો અનુસાર, ૬૦ સભ્યોની મેઘાલય વિધાનસભામાં મુખ્યમંત્રી સહિત ૧૨થી વધુ મંત્રીઓ હોઈ શકતા નથી. અમ્પારીન લિંગદોહ કૃષિ અને કાયદા વિભાગના મંત્રી હતા, જ્યારે યમબોન સહકાર સંભાળી રહ્યા હતા અને રક્કમ એ સંગમા શિક્ષણ વિભાગ સંભાળી રહ્યા હતા. અબુ તાહેર મંડલ ઉર્જા મંત્રી હતા, પોલ લિંગદોહ પ્રવાસન સંભાળી રહ્યા હતા, અને કાર્મેન શાયલા મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ સંભાળી રહ્યા હતા. શકલિયાર વારજરી રમતગમત મંત્રાલયના પ્રભારી હતા અને એ.એલ. હેક પશુપાલન વિભાગના પ્રભારી હતા. આ મંત્રીઓના રાજીનામાથી નવા મંત્રીઓ માટે મંત્રીમંડળમાં જોડાવાનો માર્ગ મોકળો થયો છે.

### યોગી સરકારે દિવાળી પહેલા યુપીવાસીઓને ભેટ આપી

# યુપી સરકારે ૫ વર્ષ સુધીના તમામ ઈ-મેમો માફ કરવાની જાહેરાત કરી

## આ મેમોને લગતા અવરોધો જેમ કે ફિટનેસ, પરમિટ, વાહન ટ્રાન્સફર અને હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (HSRP) પણ આપમેળે દૂર થઈ જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ,

ઉત્તરપ્રદેશની યોગી સરકારે દિવાળી પહેલા યુપીવાસીઓને ભેટ આપી છે. પરિવહન વિભાગે વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીમાં નોન-ટેક્સ ઈ-મેમોને માફ કરવાનો નિર્ણય લીધો છે. યુપી સરકારે ૫ વર્ષ સુધાના તમામ ઈ-મેમો માફ કરવાની જાહેરાત કરી છે, ત્યારે આ મેમો પરિવહનના સત્તાવાર પોર્ટલ પર બે કેટેગરીમાં જોવા મળશે. જેમાં એક જો મામલો કોર્ટમાં પેન્ડિંગ છે તો 'Disposed – Abated' અને બીજું જો મેમો ઓફિસમાં પેન્ડિંગ હોય અને સમયમર્યાદા સમાપ્ત થઈ ગઈ હોય તો 'Closed – Time-Bar' કેટેગરીમાં દેખાશે.આ સાથે, આ મેમોને લગતા અવરોધો જેમ કે ફિટનેસ, પરમિટ, વાહન ટ્રાન્સફર અને હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (HSRP) પણ આપમેળે દૂર થઈ જશે. જોકે, ટેક્સ સંબંધિત મેમો આ રાહતના દાયરાની બહાર રહેશે. પરિવહન વિભાગ મુજબ, આ પ્રક્રિયા ૩૦ દિવસમાં પૂરી કરાશે. આ પછી વાહનચાલક સ્વામી પોર્ટલ પર જઈને પોતાનો મેમો જોઈ શકશે. વિભાગે સ્પષ્ટતા કરી છે કે, એટલે કે કોઈને રિફંડ મળશે નહીં કે જૂના ચલણો ફરીથી ખોલવામાં આવશે નહીં.

વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ વચ્ચે ૩૦.૫૨ લાખ ઈ-મેમો નોંધાયા છે. જેમાંથી ૧૭.૪૯ લાખ નિકાલ પહેલાથી જ થઈ ગયો છે, જ્યારે ૧૨.૯૩ લાખ ચલણ બાકી હતા. બાકી રહેલા મેમોમાં ૧૦.૮૪ લાખ કોર્ટમાં પેન્ડિંગ હતા અને ૧.૨૯ લાખ ઓફિસ સ્તરે પેન્ડિંગ હતા. હવે આ બધાનો સમય મર્યાદામાં ડિજિટલી નિકાલ કરવામાં આવશે. આગળના ભાગમાં બધા અવરોધો દૂર કરવામાં આવશે, જ્યારે સમગ્ર રેકોર્ડ અને ઓડિટ ટ્રેલ પાછળના ભાગમાં સુરક્ષિત રહેશે. જો તમારો મેમો વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ વચ્ચે છે અને પોર્ટલ પર હજુ પણ ભરવાના બાકી બતાવે છે તો એક મહિના પછી ઈ-મેમો/પરિવહનના પોર્ટલ પર જઈને મેમો અંગે ચેક કરવાનું રહેશે. સમગ્ર મામલે હેલ્પલાઈન નંબર ૧૪૯ નજીકના આરટીઓનો સંપર્ક કરી શકાશે.

# ઓનલાઈન ગેમિંગમાં રૂ.૧૩ લાખ ગુમાવતાં ધો.૬ના વિદ્યાર્થીનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ

લખનઉથી એક દુઃખદ ઘટના સામે આવી છે. અહીં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ પહોલા તો પોતાના પિતાના બેંક એકાઉન્ટમાંથી ૧૩ લાખ રૂપિયા ગુમાવી દીધા અને પછી આપઘાત કરી લીધો. આ છોકરાના પિતા પેઈન્ટ કરવાનું કામ કરતા હતા અને તેમણે લગભગ બે વર્ષ પહેલા જ જમીન વેચીને બેંક ખાતામાં ૧૩ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા.

સોમવારે જ્યારે તેઓ પોતાના બેંક ખાતાની પાસબુક અપડેટ કરાવવા ગયા તો તેમને જાણવા મળ્યું કે, તેમના બેંક ખાતામાં તે ૧૩ લાખ રૂપિયા નથી. આ જાણીને તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ અને તેમણે તાત્કાલિક આ અંગે તપાસ કરી. તપાસમાં જાણવા મળ્યું કે, આ મોટી રકમ ઓનલાઈન ગેમ ફ્રી ફાયર દ્વારા ખર્ચ કરવામાં આવી છે. હવે સવાલ એ આવે છે કે, તમારું બાળક પણ તમારો સ્માર્ટફઓન યુઝ કરે છે, તો શું બાળક અને બેંક અકાઉન્ટ બંને સુરક્ષિત છે.

ઘણા ઘરોમાં બાળકો પોતાના માતા-પિતાના સ્માર્ટફોનમાં વીડિયો જોઈ છે અને પછી મોબાઈલ ગેમ વગેરે રમે છે. આવા લોકોએ સાવચેતીના ભાગરૂપે કેટલાક જરૂરી પગલાં ઉઠાવવા જોઈએ. આ માટે તમારે તમારા સ્માર્ટફોનની સેટિંગ્સ અને તમારા બેંક ખાતાની ટ્રાન્ઝેક્શન સેટિંગ્સમાં કેટલાક ફેરફારો કરવા પડશે. તમે આ બધા કામ ઘર બેઠા સરળતાથી કરી શકો છો. ચાલો તેના વિશે વિગતવાર જાણીએ. જો માતા-પિતા પોતાના બાળકોને સ્માર્ટફોન આપે છે તો સાવચેતીના ભાગરૂપે, તેમણે પોતાના બેંક ખાતામાં કેટલાક ફેરફારો કરી લેવા જોઈએ. આમાં બેંક ખાતાની લિમિટ અને UPI લિમિટ સેટ કરવાની રહેશે. મોબાઈલ પર બેંકિંગ એપ્સ અને UPI એપ્સ માટે સ્ટ્રોંગ પાસવર્ડનો યુઝ કરો. આ માટે તમે બાયોમેટ્રિક લોક અપનાવી શકો છો, જેમાં સ્માર્ટફોન તમારા ફિંગરપ્રિન્ટ સ્કેનર અથવા ફેસ સ્કેનિંગ જ અનલોક થશે. આ લોકનો ઉપયોગ બેંકિંગ એપ્સ અને UPI એપ્સ પર કરી શકો છો.

### બેટિંગ એપ કેસમાં EDનો સકંજા

# યુવરાજ સિંહ અને રોબિન ઉથપ્પાને સમન્સ, સોનુ સૂદને પણ પૂછપરછ માટે બોલાવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

(એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) એ ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી એપ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ભૂતપૂર્વ ક્રિકેટર રોબિન ઉથપ્પા, યુવરાજસિંહ અને અભિનેતા સોનુ સૂદને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. પીટીઆઈ ન્યૂઝ એજન્સીના સૂત્રો પાસેથી મંગળવારે આ માહિતી મળી હતી.

૩૯ વર્ષીય ઉથપ્પાને ૧૨મીં નામના પ્લેટફોર્મ સાથે સંકળાયેલા આ કેસમાં મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) હેઠળ નિવેદન નોંધાવવા માટે સમન્સ પાઠવવામાં આવ્યું છે. ૨૨ સપ્ટેમ્બરેના રોજ ઉથપ્પાને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો છે. જયારે યુવરાજને ૨૩ સપ્ટેમ્બરે તપાસ એજન્સી સમક્ષ હાજર થવા જણાવ્યું છે.

આ પહેલાં આ જ કેસમાં ૧૩ ઓગસ્ટે સુરેશ રૈના અને ૪ સપ્ટેમ્બરે શિખર ધવનની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. સોમવારે આ કેસમાં ભૂતપૂર્વ ટીએમસી સાંસદ અને અભિનેત્રી મિમી ચક્રવર્તીનું પણ નિવેદન નોંધવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંગાળી અભિનેતા અંકુશ હાજરા મંગળવારે ઈડી સમક્ષ હાજર થયા હતા, જ્યારે ૧૨મીં ના ભારતીય બ્રાન્ડ એમ્બેસેડર અને અભિનેત્રી ઉર્વશી રૌતેલા મંગળવારે તેમની નિર્ધારિત તારીખે હજુ સુધી હાજર થઈ નથી.

આ તપાસ ગેરકાયદે સટ્ટાબાજી એપ્સ સાથે સંબંધિત છે, જેમના પર અનેક લોકો અને રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાનો અથવા મોટા પાયે કરચોરી કરવાનો આરોપ છે. કંપનીના મતે, ૧૨મીં એક વૈશ્વિક સ્તરે માન્ય સટ્ટાબાજ પ્લેટફોર્મ છે, જે સટ્ટાબાજી ઉદ્યોગમાં ૧૮ વર્ષથી કાર્યરત છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ બ્રાન્ડના ગ્રાહકો હજારો રમતગમતની ઈવેન્ટ્સ પર દાવ લગાવી શકે છે અને કંપનીની વેબસાઈટ અને એપ્લિકેશન ૭૦ ભાષાઓમાં ઉપલબ્ધ છે. જોકે, હવે ભારતમાં ઓનલાઈન રિયલ મની આધારિત ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ હાલમાં ગેરકાયદે સટ્ટાબાજી એપ્સ સાથે સંકળાયેલા અનેક કેસોની તપાસ કરી રહી છે. એજન્સીનું માનવું છે કે આવી સટ્ટાબાજી એપ્સ માત્ર ગેરકાયદેસર જ નથી, પરંતુ તેના દ્વારા મોટા પાયે મની લોન્ડરિંગની પ્રવૃત્તિઓ પણ થાય છે. આ એપ્સ પર લાખો લોકો અને રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાનો અથવા મોટા પાયે ટેક્સ ચોરી કરવાનો આરોપ છે. આ મામલામાં ઈડીએ કાર્યવાહી ઝડપી બનાવી છે, ખાસ કરીને તે જાહેરાતો પર જેમાં ફિલ્મ સ્ટાર્સ અને ક્રિકેટરો સામેલ છે. આ કારણે હવે ક્રિકેટરો અને ફિલ્મ હસ્તીઓની ભૂમિકા અંગે પણ તપાસ આગળ વધી રહી છે.

### નીતિ આયોગના રિપોર્ટમાં એઆઈના ઉપયોગ પર ભાર

# એઆઈ દેશની જીડીપીમાં ૫૦૦થી ૬૦૦ અબજ ડોલરનો ઉછાળો લાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નીતિ આયોગના રિપોર્ટ મુજબ એઆઈ ૨૦૩૫ સુધીમાં ભારતની જીડીપીમાં ૫૦૦થી ૬૦૦ અબજ ડોલરનો ઉછાળો લાવી શકે છે. તેની સાથે એઆઈ અનેક નોકરીઓનું સર્જન પણ કરી શકે છે. આ બધુ દેશના બધા જ ઉદ્યોગો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કેટલી ઝડપથી અને કેટલા અસરકારક રીતે અપનાવે તેના પર નિર્ભર છે. એઆઈને લઈને કેટલાય ભયસ્થાનો બતાવવામાં આવી રહ્યા છે.આ સંજોગોમાં નીતિ આયોગના રિપોર્ટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું અલગ જ ચિત્ર રજૂ કર્યું છે. નીતિ આયોગના રિપોર્ટ વિકસિત ભારત માટે એઆઈમાં ઝડપી આર્થિક વૃદ્ધિના અવસર અંગે જણાવવામાં આવ્યું છે કે આગામી દાયકામાં એઆઈનો વ્યાપક ઉપયોગ વૈશ્વિક અર્થતંત્રમાં ૧૭ લાખ કરોડ ડોલરથી લઈને ૨૬ લાખ કરોડ ડોલરનો ફાળો આપી શકે છે.નાણાપ્રધાન નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે ટેકનોલોજીકલ ઈનોવેશન્સની સાથે-સાથે તેના નિયંત્રણો પણ તેટલી જ ઝડપથી વૃદ્ધિ પામે તે જરુરી છે. તેમા પણ ખાસ કરીને એઆઈ ટેકનોલોજી પરનું નિયંત્રણ સામાન્ય લોકોના હિતને ધ્યાનમાં રાકીને કરાય તે જરૂરી છે. નિયંત્રણોએ પણ અત્યાધુનિક સંશોધનો સાથે તાલમેળ મિલાવવાની જરૂર છે. આપણને તેવા કોઈ નિયંત્રણોની જરૂર નથી, જે આખી ટેકનોલોજીને જ સાફ કરી નાખે. તેના બદલે આપણે ટેકનોલોજીના દુરુપયોગને નિયંત્રિત કરતા નિયંત્રણોની જરૂર છે. અહેવાલ મુજબ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત જેવા ક્ષેત્રોમાં કર્મચારીઓની મોટી સંખ્યામાં હાજરી, ઝડપથી થતાં સંશોધન અને મજબૂત ડિજિટલ ક્ષમતા ભારતના પરિવર્તનમાં મહત્ત્વની હિસ્સેદાર બની શકે છે. ભારતને તેનાથી વૈશ્વિક એઆઈ મૂલ્યના ૧૦થી ૧૫ ટકા ફાયદો ઉઠાવવાની કે તેના હિસ્સેદાર બનવાની તક મળશે. આગામી દિવસોમાં વૈશ્વિક એઆઈ માર્કેટમાં ભારતના નામનો ડંકો વાગતો હોય તો આશ્ચર્ય નહીં થાય. નીતિ આયોગે જણાવ્યું હતું કે એઆઈ કેટલાય રુટિન કામોનું સ્થાન લઈ લેશે તે હકીકત છે. તેમા ક્લાર્ક, કેશિયર, વોઈસ સર્વિસ, ઓનલાઈન સર્વિસ, કસ્ટમર કેર વગેરેનો સમાવેશ થાય છે. તેની સામે એઆઈથી કેટલીય નવી નોકરીઓનું સર્જન થશે તે પણ હકીકત છે. મોટાપાયા પર આ નોકરીઓનું સર્જન થશે. આ ક્ષેત્રોનો જીડીપીમાં ૨૦થી ૨૫ ટકા ફાળો એઆઈના કારણે આવી શકે છે. જ્યારે ડિસઈન્વેસ્ટમેન્ટ સેક્ટરમાં ૮૫થી ૧૦૦ ટકા જેટલી ઉત્પાદકતા વધવાનો અંદાજ છે.નીતિ આયોગના રિપોર્ટને લોન્ચ કરતાં સીઈઓ બીવીઆર સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ભારતમાં વધુને વધુ પ્રમાણમાં રાજગોર સર્જનને વેગ આપશે. અને ૨૦૩૫ સુધી ભારતના અર્થતંત્રમાં લગભગ બે ટ્રિલિયન અમેરિકન ડોલર જેટલો ફાળો આપશે. તેમણે જણાવ્યું હતું કે એઆઈનો ઉપયોગ ઉત્પાદકતા વધારી શકે છે અને ઈનોવેશનનું સ્વરૂપ પણ બદલી શકે છે.

# નુપૂર બોરા વિરુદ્ધ જમીન વેચાણ સંબંધિત ફરિયાદો મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)અસમ

આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં અસમ સિવિલ સર્વિસના અધિકારી નુપૂર બોરાની ધરપકડ કરવામાં આવી છે. અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું કે, નુપૂર બોરા પર છેલ્લા છ મહિનાથી નજર રાખવામાં આવી રહી હતી. મુખ્યમંત્રીના જણાવ્યા અનુસાર, તેમણે હિન્દુઓની જમીન કેટલાક શંકાસ્પદ લોકોને વેચી હતી, જેના બદલામાં તેમને મોટી રકમ મળી હતી.મંગળવારે આ મામલે ગુવાહાટીમાં પત્રકારો સાથે વાત કરતાં મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું કે, 'નુપૂર બોરા વિરુદ્ધ જમીન વેચાણ સંબંધિત ફરિયાદો મળી હતી. આ ફરિયાદોના આધારે છેલ્લા છ મહિનાથી તેમના પર નજર રાખવામાં આવી રહી હતી.'

અસમ સિવિલ સર્વિસના ૨૦૧૯ બેચના અધિકારી નુપૂર બોરા હાલમાં અનેક ગંભીર આરોપોને કારણે ચર્ચામાં છે. મૂળ અસમના ગોલાઘાટ જિલ્લાના રહેવાસી નુપૂર બોરા કામરૂપ જિલ્લાના ગોરોઈમારી વિસ્તારમાં સર્કલ ઑફિસર તરીકે ફરજ બજાવતા હતા. નુપૂરની ફેસબુક પ્રોફાઈલ મુજબ તેણે ગુવાહાટી યુનિવર્સિટીમાંથી ઈંગ્લિશ લિટરેચરમાં ડિગ્રી મેળવી છે અને કોટન કૉલેજમાં પણ અભ્યાસ કર્યો છે. સિવિલ સર્વિસમાં જોડાતાં પહેલા, તે જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થામાં લેકચરર તરીકે કામ કરતા હતા. તેણે માર્ચ ૨૦૧૯માં કરબી આંગલોંગમાં આસિસ્ટન્ટ કમિશ્નર તરીકે પોતાની વહીવટી કારકિર્દીની શરુઆત કરી અને જૂન ૨૦૨૩ સુધી ત્યાં સેવા આપી.

ત્યારબાદ, જૂન ૨૦૨૩માં તેમને બારપેટામાં સર્કલ ઑફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને પછી તેમનું ટ્રાન્સફર કામરૂપમાં કરવામાં આવ્યું.

નુપૂર બોરા પર બારપેટામાં ફરજ દરમિયાન ગેરકાયદેસર રીતે કરોડો રૂપિયાની સરકારી અને ધાર્મિક ટ્રસ્ટની જમીનો શંકાસ્પદ લોકોને ટ્રાન્સફર કરવાનો આરોપ છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આમાંની મોટાભાગની જમીનો હિન્દુઓની હતી, જે કથિત રીતે મુસ્લિમોના નામે કરવામાં આવી છે. માત્ર છ વર્ષની નોકરીમાં જ તેમની સંપત્તિમાં અસામાન્ય વધારો થયો હોવાના પણ આરોપો છે.

મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ આ મામલાની તપાસ માટે એક વિશેષ ટીમની રચના કરી છે. ટીમે નુપૂર બોરાના ઘરે દરોડા પાડતાં લગભગ ૯૦ લાખ રૂપિયાથી વધુ રોકડ અને લગભગ ૧ કરોડ રૂપિયાનું સોનું મળી આવ્યું છે.

આમ, તેમની કુલ સંપત્તિ લગભગ ૨ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે. હાલમાં, નુપૂર બોરા પોલીસ કસ્ટડીમાં છે.

### મુંબઈ અને પૂણે સહિતનાં ક્ષેત્રોમાં જળબંબાકાર

# મહારાષ્ટ્રમાં અનરાધાર વરસાદ, ચારનાં મોત બીડમાં એરફોર્સ, આર્મીનું રેસ્ક્યુ મિશન

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં અનરાધાર વરસાદને પગલે પરિસ્થિતિ વિકટ બની છે. મરાઠવાડાના આઠ પૈકીના પાંચ જિલ્લા જળમગ્ન બન્યા હતા. અનેક નદીઓમાં ઘોડાપૂર આવતાં સંખ્યાબંધ ગામોમાં પૂરમાં ફસાયેલા લોકોને બચાવવા એરફોર્સ અને લશ્કરની મદદ લેવામાં આવી હતી. રાજ્યના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.ભારે વરસાદને પગલે તંત્રએ બીડ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં મંગળવારે રજા જાહેર કરી હતી. મુંબઈ અને પૂણે સહિતના સંખ્યાબંધ શહેરોમાં ગાજવીજ સાથે વરસાદથી જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. વરસાદ સંલગ્ન ઘટનાઓમાં ચાર લોકોનાં મોત નિપજયા હતા. બીડમાં પૂરની સ્થિતિ વધુ વણસતાં ભારતીય વાયુદળના ચોપરની મદદથી ૧૧ લોકોને એરલિફ્ટ કર્યા હતા. જ્યારે લશ્કર દ્વારા ૪૦ લોકોનું સુરક્ષિત રેસ્ક્યૂ કરાયું હતું. મરાઠાવાડાના બીડ જિલ્લો પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયો હતો. અષ્ટિ તાલુકાના કડા ગામ નજીકના શેરી ખુર્દમાં એક જ પરિવારના અગિયાર લોકો ફસાયા હતા. સોમવારે નાસિકથી એરફોર્સનું ચોપર બોલાવીને એરલિફ્ટ કરી તમામનું સુરક્ષિત સ્થળાંતર કરાયું હતું. લશ્કરની ટુકડીએ એનડીઆરએફ તથા અન્ય એજન્સીની મદદથી આ જ વિસ્તારમાંથી અન્ય ૪૦ લોકોને બચાવ્યા હતા. ધારાશિવ જિલ્લાના કેશેગાંવમાં ૨૪ કલાકમાં ૧૦૫ મીમી વરસાદ નોંધાયો હતો. બીડ જિલ્લાના અષ્ટિ તાલુકાના આઠ ગામોનો મુખ્ય મથકથી સંપર્ક કપાઈ ગયો હતો. બીડ, લાતુર, ધારાશિવ, પરભણી અને હિંગોલી જિલ્લાના ૩૨ રેવન્યુ સર્કલમાં ભારે વરસાદ પડ્યો હતો.મુંબઈમાં રવિવાર રાતથી પડી રહેલા ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી ઓફિસના કલાકોમાં ટ્રાફિકની સમસ્યા સર્જાી હતી. સોમવારે સવારે મોનોરેલ સેવા વધુ એક વખત ખોરવાઈ હતી. વરસાદને પગલે એક મહિનામાં બીજી વાર મોનોરેલ સેવા ઠપ થઈ હતી. સવારે ૭.૧૬ કલાકે વડાલા ખાતે એન્ટોપહિલ બસ ડેપો અને જીટીબીએન સ્ટેશન વચ્ચે ટ્રેનમાં તકનિકી ક્ષતિ સર્જાતા તે બંધ પડી હતી. તમામ ૧૭ મુસાફરોને સલામત નીચે ઉતારવામાં આવ્યા હતા. દાદર, કુર્લા અને બાંદ્રા સ્ટેશને લોકલ ટ્રેનના ટ્રેક પર પાણી ભરાઈ ગયા હતા. થાણેમાં ગુડ્ઝ ટ્રેન પાટા પર ખોરવાતાં લોકલ ટ્રેન સેવાને અસર થઈ હતી.


ભારત સરકાર, અવકાશ વિભાગ, અવકાશ એપ્લિકેશન કેન્દ્ર (SAC),
બાંધકામ અને જાળવણી જૂથ (CMG), ઇલેક્ટ્રિકલ અને ફાયર એલાર્મ સિસ્ટમ વિભાગ,
જોધપુર ટેકરા, અંબાવાડી વિસ્તાર, પો.ઓ. અમદાવાદ-380015
ફોન નં. (079) 26914907/08/17/01, ફેક્સ નં. (079) 2691500

ઈ-ટેન્ડર સૂચના નંબર: ટેન્ડરરોને આમંત્રણ આપતી સંક્ષિપ્ત સૂચના

SAC/CMG/EFASD/C/08/2025-26 તારીખ: 13.09.2025

1. ભારતના રાષ્ટ્રપતિ વતી, નીચેના કામો માટે ઈ-ટેન્ડરિંગ દ્વારા ઓનલાઈન આઇટમ-રેટ ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે.

| ક્ર. નં. | કાર્યનું શીર્ષક | અંદાજિત કિંમત ટેન્ડર માટે મૂકવામાં આવે છે | પૂર્ણ થવાનો સમયગાળો | ટેન્ડર દસ્તાવેજ કયા સમયગાળા દરમિયાન ડાઉનલોડ કરી શકાય છે | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | ટેન્ડર ખોલવાની નિયત તારીખ અને સમય | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | અમદાવાદના SAC કેમ્પસ ખાતે 37-B નજીક એડવાન્સ ફીડ ટેસ્ટ રેન્જનું પ્રસ્તાવિત બાંધકામ.- ઇલેક્ટ્રિકલ વર્ક્સ. | ₹55.74 લાખ | 14 મહિના | તા. 17.09.2025 ને સવારે 10:00 કલાકથી તા. 29.09.2025 ના સાંજે 5:00 કલાક સુધી. | તા. 06.10.2025 ના સાંજે 5:00 કલાક સુધી. | તા. 08.10.2025 ના 11:00 કલાકે (ટેકનિકલ અને કોમર્શિયલ બિડ) | ₹ 1,11,480.00 |

2. ટેન્ડર દસ્તાવેજ ઇ-ટેન્ડરિંગ વેબસાઇટ www.tenderwizard.com/ISRO પરથી નિયત સમયગાળા દરમિયાન ટેન્ડરવિઝાર્ડમાં નોંધણી કરાવીને અને ટેન્ડર પ્રોસેસિંગ ફી ચૂકવીને ડાઉનલોડ કરી શકાય છે. વિક્રેતા નોંધણી માટેની પ્રક્રિયા આ વેબસાઇટ પર પ્રદર્શિત થાય છે. ટેન્ડર પ્રોસેસિંગ ફી મેસર્સ ITI લિમિટેડને ઇ-ગેટવે દ્વારા ચૂકવવાપાત્ર છે.

3. પાત્રતા માપદંડો અને અન્ય વિગતો માટે, રસ ધરાવતા ટેન્ડરરો કૃપા કરીને www.isro.gov.in અથવા www.sac.gov.in વેબસાઇટ તેમજ www.tenderwizard.com/ISRO પર ટેન્ડર ફ્રી વ્યૂ પર વિગતવાર સૂચના આમંત્રણ ટેન્ડર (NIT) નો સંદર્ભ લઈ શકે છે.

ગ્રુપ હેડ, સીએમજી/એસએસી

# તંત્રી લેખ......

## હિમાચલમાં મેઘરાજાનું તાંડવ

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદે ફરી એકવાર કહેર વર્તાવ્યો છે. ૧૫ સપ્ટેમ્બરના રોજ મંડીના ધરમપુરમાં વાદળ ફાટવાને કારણે બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું અને શિમલામાં ભૂસ્ખલનથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ વરસાદ હવે માત્ર હવામાનનો ફેરફાર નહીં, પરંતુ લોકો માટે એક મોટી મુસીબત બની ગયો છે, જેના કારણે ચારેબાજુ પાણી, કાટમાળ અને વિનાશ જોવા મળી રહ્યો છે.ગઈ રાત્રે ધરમપુરમાં ભારે વરસાદથી આખું બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું, જેમાં બસો અને અન્ય વાહનો તણાઈ ગયા. સોન ખડનું જળસ્તર વધતા લોકોના ઘરો અને દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયું. આ ઘટનામાં એક વ્યક્તિ ગુમ છે. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે લોકોએ રાત્રે ઘરની છત પર ચઢીને પોતાનો જીવ બચાવ્યો અને પોલીસે તત્કાળ બચાવ કામગીરી શરૂ કરી હતી.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને વાવાઝોડું આવ્યું, જેના કારણે ૩ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૪૯૩ રસ્તાઓ બંધ રહ્યા. છેલ્લા ૨૪ કલાકમાં જોગીન્દરનગરમાં ૫૬ મિમી, પાલમપુરમાં ૪૮ મિમી, પંડોહમાં ૪૦ મિમી અને કાંગડામાં ૩૪.૨ મિમી સહિત અનેક વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો. આ દરમિયાન, નગરોટા સુરિયાંમાં ૩૦ મિમી, મંડીમાં ૨૭.૫ મિમી, સરાહન માં ૧૮.૫ મિમી, મુરારી દેવીમાં ૧૮.૨ મિમી, ભરેરીમાં ૧૭.૬ મિમી અને કરસોગમાં ૧૭ મિમી વરસાદ પડ્યો.હવામાન વિભાગ મુજબ, કાંગડા, જોત, સુંદરનગર અને પાલમપુરમાં ગાજવીજ સાથે વરસાદ થયો, જ્યારે રિકાંગપિયો અને સેઓબાગમાં તેજ પવન ફૂંકાયો. રાજ્ય કટોકટી સંચાલન કેન્દ્ર અનુસાર, આ ઘટનાને કારણે ૪૯૩ રસ્તાઓ, જેમાં ત્રણ મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો સમાવેશ થાય છે, વાહનવ્યવહાર માટે બંધ રહ્યા. આ ઉપરાંત, ૩૫૨ વીજળી ટ્રાન્સફોર્મર અને ૧૬૩ જળ-પુરવઠા યોજનાઓ પણ ખોરવાઈ ગઈ છે.રાજ્યમાં ૨૦ જૂનથી ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓ અને માર્ગ અકસ્માતોને કારણે કુલ ૪૦૯ લોકોનાં મોત થયા છે અને ૪૧ લોકો ગુમ છે. આ સમયગાળા દરમિયાન, રાજ્યને ૪,૫૦૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ સિઝનમાં ૧ જૂનથી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં, હિમાચલ પ્રદેશમાં ૯૯૧.૧ મિમી સરેરાશ વરસાદ નોંધાયો, જે સામાન્ય કરતાં ૪૪% વધુ છે. ચોમાસું ૨૦ થી ૨૫ સપ્ટેમ્બરની વચ્ચે રાજ્યમાંથી વિદાય લેવાની શક્યતા છે.

## ગુજરાત ભાજપના તમામ સાંસદો- ધારાસભ્યો - મહાનગર તેમજ જિલ્લા પ્રમુખોને ૧૮ સપ્ટે. કમલમનુ તેડું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં એક તરફ નવા પ્રદેશ પ્રમુખની પસંદગી મુદે લાંબા સમયથી સસ્પેન્સ ચાલી રહ્યુ છે અને તેમાં હાલ માં જ ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલે આપણે ફરી બે વખત અહીં મળશુ તેવા વિધાન કરીને સસ્પેન્સ વધાર્યુ હતુ તેમાં તા. ૧૮ સપ્ટેમ્બર ગુરૂવાર ના રોજ ફરી એકવખત ગાંધીનગર કમલમ ખાતે ભાજપના તમામ સાંસદો, ધારાસભ્યો તેમજ જિલ્લા અને મહાનગર પ્રમુખોને તેડુ આવતા જ હવે પ્રદેશ પ્રમુખનુ મુહુર્ત આવ્યુ હોવાની ચર્ચા ભાજપમાં શરૂ થઈ ગઈ છે.



તા. ૧૮ સપ્ટેમ્બર ની બેઠકમાં પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ ઉપરાંત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગુજરાત ભાજપના ટોચના નેતાઓ હાજર રહેનાર છે તથા લગભગ ૪ કલાક ચાલનારી આ બેઠક માટે તમામ સાંસદો, ધારાસભ્યો, મહાનગરના પ્રમુખો અને જિલ્લા પ્રમુખોને ગાંધીનગર ગુરૂવારે વહેલી સવારે પહોચવા માટે આદેશો છુટયા છે. એક તરફ તા. ૨૨ ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતમાં આવી રહ્યા છે તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ૨૦ સપ્ટેમ્બરે ફરી એકવાર ગુજરાતના ભાવનગર આવી રહ્યા છે. આ તમામ મહાનુભાવોની મુલાકાત વચ્ચે ગાંધીનગરમાં બોલાવાયેલી બેઠકના એજન્ડામાં પક્ષ દ્વારા કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી, પણ સુત્રોના કહેવા પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના એક અઠવાડીયાના કાર્યક્રમો આજે તા. ૧૭ સપ્ટેમ્બર થી શરૂ થાય છે અને તેના ૨૪ કલાકમાં ગાંધીનગરમાં બેઠકને મહત્વની ગણવામાં આવે છે. સુત્રોના જણાવ્યા મુજબ એજન્ડામાં જો છેલ્લી ઘડીએ કોઈ આશ્ચર્ય ન નિકળે તો સંભવ છે કે સી આર પાટીલ વધુ એક હિન્ટ આપશે. તો બીજી તરફ પક્ષના સુત્રોએ કહ્યુ હતુ કે આ બેઠકમાં પણ અગાઉની જેમ કોઈ રાષ્ટ્રીય એજન્ડા આગળ વધારવા જણાવાય તેવી ધારણા છે.

# ‘અમૃતકાળ’ના સ્વપ્રદષ્ટાના અમૃતવર્ષ નિમિત્તે ઋણ-સ્વીકાર સાથે વંદન સહ અભિનંદન

“પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?
હું પડકાર ઝીલનારો માણસ છું.
હું તેજ ઉછીનું લઉં નહીં,
હું જાતે બળતું ફાનસ છું”.

આ કાવ્યપંક્તિના રચયિતા છે શ્રી નરેન્દ્ર મોદીજી

નરેન્દ્ર મોદીજી... માત્ર એક નામ નથી, પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરના સુખનું સરનામું છે. શાળા પ્રવેશોત્સવથી શાળામાં પ્રવેશ પામનાર વિદ્યાર્થી સુયોગ્ય શિક્ષણ પ્રાપ્ત કરી મેડિકલ ક્ષેત્રે પ્રવેશ મેળવે, ત્યારે તેના આત્મવિશ્વાસનો આધાર છે. આયુષ્માન ભારત યોજનાથી વગર કોઈ ખર્ચે શ્રેષ્ઠ સારવાર પ્રાપ્ત કરનારા વ્યક્તિના ભાવાશ્રુનું કારણ છે મોદીજી.

પોતે સંઘર્ષ વેઠીને અને પડકારો ઝીલીને પણ રાષ્ટ્રના જન-જનના જીવનને સમૃદ્ધ કરનારા અને વિકસિત ભારત ૨૦૪૭ માટેનો સંકલ્પ લઈને ચાલતા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિગત જીવનનું ૭૫મું વર્ષ એ રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ માટે એક અમૃતમય બાબત ગણી શકાય.

ચીન અને પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે મહેસાણા રેલવે સ્ટેશન પર આવતા-જતા સેનાના જવાનોની સેવાના અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવનારા બાળ નરેન્દ્રથી લઈને વડાપ્રધાન તરીકે જીવનની પ્રત્યેક ક્ષણ રાષ્ટ્ર માટે સમર્પિત કરનાર નરેન્દ્રભાઈની આ રાષ્ટ્રસેવા જ સાચા અર્થમાં તેઓનું વ્યક્તિગત જીવન છે.

મોદીજી માટે અને મોદીજી વિશે લખવું એ સૂરજ સામે દીવો ધરવા જેવું છે. પરંતુ તેમના ૭૫માં જન્મ દિવસે તમામ ગુજરાતીઓ વતી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ‘આભાર મોદીજી’ કહેવાની તક મળી છે.

આ વર્ષે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)**ની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ ઉજવી રહ્યું છે, ત્યારે ઈ.સ. ૧૯૭૨માં ગુજરાત પ્રાંત પ્રચારક શ્રી લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ)ના અપાર સ્નેહ અને માર્ગદર્શન થકી સંઘના પ્રચારક થકી રાષ્ટ્ર નિર્માણની દિશામાં મોદીજીએ એક સુવર્ણ અધ્યાય લખવાની જે શરૂઆત કરી હતી તેનું સ્મરણ થાય છે. સંઘની રાષ્ટ્રભાવના, શિસ્ત, ત્યાગ, બલિદાન અને સમર્પિતતાના ભાવને જીવનમંત્ર બનાવી માનવતાવાદ અને રાષ્ટ્રવાદની ભાવનાને જન-જન સુધી લઈ જવા માટે સંકલ્પિત થનાર મોદી સાહેબે આ વર્ષના સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લાની પ્રાચીર પરથી સંઘ માટે જે ઉદગાર વ્યક્ત કર્યા તે સંઘ માટેનો તેમનો અહોભાવ દર્શાવે છે.

ભાજપમાં ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીની જવાબદારીથી લઈને આજે ભાજપને વિશ્વના સૌથી મોટા પક્ષ સુધી પહોંચાડવાના આ મહાયજ્ઞમાં મોદી સાહેબે પણ પોતાના સમય અને શક્તિની આહુતિ આપવાનું કાર્ય કર્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી

જ્યારે મોદીજીએ ગુજરાતમાં શાસનધૂરા સંભાળી ત્યારે કચ્છમાં આવેલા ભૂકંપ, વાવાઝોડા, પ્રજાનો શાસન વ્યવસ્થામાં અવિશ્વાસ, નિરાશાનું વાતાવરણ, અસંતુલિત અર્થવ્યવસ્થા જેવી બાબતોથી ગુજરાત ઘેરાયેલું હતું અને સબળ તથા સક્ષમ નેતૃત્વની લોકોને અપેક્ષા અને આશા હતી.

૭મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતને એક એવું નેતૃત્વ મળ્યું જેણે ટેક્કર રાજ, માફિયા રાજ, કર્ફ્યુ રાજ જેવા બધા ‘નકારાત્મક રાજ’ને વિદાય આપી અને સાચા અર્થમાં ‘વિકાસરાજ’ને પ્રસ્થાપિત કર્યું.

આ એક સંયોગ જ કહી શકાય કે મોદીજીએ વર્ષ ૨૦૦૧માં ગુજરાતનું નેતૃત્વ સંભાળ્યું એ વર્ષ ૨૧મી સદીનું પ્રથમ વર્ષ હતું. ક્યાં એ ૨૧મી સદીના પ્રથમ વર્ષમાં વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલું ગુજરાત અને ક્યાં આજના વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો સંકલ્પ અને તે સાકાર કરવા માટેનો ગુજરાતનો પ્રયત્ન. આ જ તો છે નરેન્દ્ર મોદીજીનો ગુજરાત માટેનો કર્મયોગ!

ગુજરાત બન્યું ગ્રોથ એન્જિન

વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૧૪ સુધીનો સમયગાળો ગુજરાત માટે અનોખો રહ્યો. વિકાસનાં ઉચ્ચત્તમ ધોરણો પ્રસ્થાપિત કરવાની શરૂઆત મોદીજી એ પંચશક્તિ (જળ, જન, રક્ષા, ઊર્જા અને જ્ઞાન)ના સફળ આયોજન થકી કરી. જેના કારણે પ્રજાને સ્પર્શતા અગત્યના ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન આવ્યું.

જો નિયત સાફ હશે તો પ્રજાનો સાથ હંમેશા મળી રહેશે. સક્રિય રાજનીતિના આ ૨૪ વર્ષ અને એકપણ કાળી ટીલી નહીં. આઝાદ ભારતના રાજકીય ઈતિહાસમાં આવું વ્યક્તિત્વ અને આવી લોકપ્રિયતા ભાગ્યે જ અન્ય કોઈ નેતાએ પ્રાપ્ત કરી હશે અને તેની પશ્ચાદભૂમાં છે, અથાક પ્રયત્ન, કઠોર પરિશ્રમ, અદના માનવીનું કલ્યાણ કરવાની વૃત્તિ, ટેકનોલોજીનો પારદર્શિતા સાથે મહત્તમ ઉપયોગ અને નાવિન્યપૂર્ણ બાબતોને અપનાવવાની માનસિકતા.

Innovativeness... લોકોથી, લોકો માટે લોકો દ્વારા...

મોદી સાહેબે ‘Government’ અને ‘Governance’ની અંદર ‘Innovative Approach’નું ‘Culture’ સ્થાપિત કર્યું. જેણે શાસન વ્યવસ્થામાં પ્રાણ પૂર્યા.

‘સ્વાગત’ ઓનલાઈન, ચિંતન શિબિર અને ગરીબ કલ્યાણ મેળા જેવી લોકાભિમુખ વ્યવસ્થાઓ સાચા અર્થમાં ઊભી કરી.

એટલું જ નહિ, જેમના માટે કલ્યાણ યોજનાઓ બની હોય તેવા તે જરૂરતમંદ લાભાર્થીઓને ૧૦૦ ટકા લાભ પહોંચાડીને સેચ્યુરેશન એપ્રોચની પ્રેરણા આપી.

નરેન્દ્રભાઈએ ગુજરાતમાં ઉર્જા ક્રાંતિથી અંધારા ઉલેચ્યા

મોદીજીએ જયારે ગુજરાતમાં સેવા દાયિત્વ સંભાળ્યું ત્યારે અપુરતી વીજળી, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થાઓનો અભાવ અને મર્યાદિત આંતરમાળખાકિય સુવિધાઓનો પડકાર હતો.

શ્રી નરેન્દ્રભાઈએ જ્યોતિગ્રામ યોજનાથી ૨૪ x ૭ વીજળી છેક ગામડાઓ સુધી પહોંચાડી.

સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન માટે કચ્છમાં રિન્યુએબલ એનર્જી પાર્ક અને ગ્રીન ગ્રોથને વેગ આપ્યો એટલું જ નહિ, પર્યાવરણના પડકારોને પહોંચી વળવા દેશ ભરમાં પહેલીવાર કલાયમેટ ચેન્જ વિભાગ પણ તેમણે કાર્યરત કરાવ્યો.

ગુજરાતમાં વાવ્યાં કૃષિક્રાંતિના બીજ

મોદીજીએ ગુજરાતના કૃષિ વિકાસ દરને ડબલ ડિજિટ પર પહોંચાડ્યો. ‘સુજલામ સુફલામ’ અને ‘સૌની’ યોજના અને રાજયવ્યાપી વિરાટ કેનાલ નેટવર્ક તૈયાર કરીને મા નર્મદાના નીર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોંચાડ્યા.

‘કૃષિ મહોત્સવ’ની પહેલ તો સમગ્ર દેશ માટે અનુસરણીય બની રહી. “લેબ ટુ લેન્ડ”ના સૂત્ર સાથે કૃષિ વૈજ્ઞાનિકોના જ્ઞાનનો સીધો લાભ ખેડૂતોને મળવા લાગ્યો. સાથે જ, સોઈલ હેલ્થ કાર્ડ થકી ખેડૂતો પોતાની જમીનની પ્રકૃતિ અને ગુણવત્તાના આધારે ખેતી કરતા થયા. આ બધાનું પરિણામ એ આવ્યું કે એક સમયે ગુજરાતના અનેક ખેડૂતો, જે માત્ર વરસાદ પર આધારિત રહેતા, તે વર્ષમાં ત્રણ-ત્રણ પાક લેતા થયાં.

આજે તો સમગ્ર દેશમાં કિસાન સન્માન નિધિ યોજનાથી ખેડૂતોના ખાતામાં પ્રતિવર્ષ રૂા. ૬૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. સાથે જ, લઘુત્તમ ટેકાના ભાવમાં માતબર વધારો કરીને મોદીજીએ ખેડૂતોની આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલી દીધા છે.

યુવા બન્યા ‘નૂતન ગુજરાત – નૂતન ભારત’ના ઘડવૈયા

મોદીજીએ યુવાનોમાં પડેલી નૈસર્ગિક ક્ષમતાઓને વિકસાવીને તેમના સર્વાંગીણ વિકાસ પર ભાર મૂક્યો. તેમના નેતૃત્વમાં ગુજરાતમાં એક બાજુ સેક્ટર-સ્પેસિફિક યુનિવર્સિટીઝનું નિર્માણ શરૂ થયું, તો બીજી બાજુ, રોજગાર મેળાઓ શરૂ કરીને સરકાર ઉદ્યોગગૃહો અને યુવાનો વચ્ચેનો સેતુ બની.





આજે તો ભારતના યુવાનોને “જોબ સીકર” નહીં, પરંતુ “જોબ ગીવર” બનાવવાના લક્ષ્ય સાથે મોદીજીએ સમગ્ર દેશમાં ‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા’ના માધ્યમથી યુવાનોને ઈનોવેશન આધારિત સ્ટાર્ટઅપ્સ શરૂ કરવા તમામ પ્રકારની મદદ પૂરી પાડી છે. ગુજરાત પણ આઈ-ક્રિએટથી લઈને આઈ-હબ જેવી સંસ્થાનોના માધ્યમથી સ્ટાર્ટઅપ રેંકિંગમાં મોખરે રહ્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે ‘ખેલ મહાકુંભ’નો પ્રારંભ કરાવીને ગુજરાતમાં સ્પોર્ટ્સની ઈકો-સિસ્ટમ વિકસાવી, અને આજે, ‘ખેલો ઈન્ડિયા’ પહેલના કારણે ભારતના અનેક પ્રતિભાશાળી રમતવીરો આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં દેશને મેડલ્સ અપાવીને ભારતનું ગૌરવ વધારી રહ્યા છે. અમૃતકાળની આ અમૃતપેઢી માટે મોદીજીએ આસમાન આંબવાના અવસરો પૂરા પાડ્યા છે.

નારીશક્તિનું સાચા અર્થમાં સન્માનઃ

મોદીજી જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મહિલાઓ માટે અલાયદો વિભાગ સરકારમાં શરૂ કર્યો. ચિરંજીવી યોજના, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માટે ૫૦ ટકા અનામત, મહિલા ઔદ્યોગિક પાર્કની સ્થાપના જેવી પહેલથી ‘નારીશક્તિ’ને સાચા અર્થમાં શક્તિ તરીકે પ્રસ્થાપિત કરી.

એ માતૃશક્તિના અપાર આશીર્વાદથી શ્રી નરેન્દ્રભાઈ સતત ત્રીજી વાર વડાપ્રધાન તરીકે જન-જનના વિશ્વાસનું પ્રતીક બન્યા છે.

આમ, તેમણે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ **‘GYAN’**થી ગુજરાતના સર્વાંગી વિકાસનો સંગીન પાયો નાખ્યો છે.

પ્રવાસન ક્ષેત્રને મળી નવી ઊંચાઈઓઃ

મોદીજીના શાસનકાળ પહેલા ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર સુયોગ્ય સ્થિતિમાં ન હતું, પરંતુ આજે કચ્છનું ધોરડો અને રણોત્સવ વૈશ્વિક ફલક પર બિરાજમાન છે. ધોરડોને બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ પણ મળ્યો છે.

કચ્છમાં ભૂકંપ પછીના ઝડપી પુનર્વસનની સ્મૃતિમાં નિર્માણ થયેલું સ્મૃતિવન પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

આ ઉપરાંત સાસણ ગીર, સાપુતારા, ધરોઈ, ધોળાવીરા જેવાં સ્થળો આજે પ્રવાસન ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલની મહાનતા અને એમના કર્તૃત્વની ઓળખ સમગ્ર વિશ્વને થાય તે માટે નર્મદા જિલ્લાના એક્તા નગર ખાતે બનાવેલ ‘સ્ટેચ્યુ ઑફ યુનિટી’ પર્યટનનો પર્યાય બન્યું છે. આજે ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર ઊર્જાવાન બન્યું છે, તેના મૂળમાં નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિ કારણભૂત છે.

‘વિકાસ પણ, વિરાસત પણ’ મંત્રને સાકાર કરતું ગુજરાતઃ

વાઈબ્રન્ટ નવરાત્રિ, વર્લ્ડ હેરિટેજ સિટીમાં અમદાવાદનો સમાવેશ, સોમનાથ મંદિરની કાયાકલ્પ, અંબાજી, પાવાગઢ જેવા ધાર્મિક સ્થળો ખાતે શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ વગેરે મોદીજીના ‘વિકાસ પણ, વિરાસત પણ’ના મંત્રનો ઉદઘોષ અને વાસ્તવિક અમલીકરણ પણ છે.

વાઈબ્રન્ટ ઔદ્યોગિક ક્ષેત્ર, એક આગવું પ્રદાનઃ

વાઈબ્રન્ટ શબ્દ જાણે ગુજરાત માટે જ બન્યો હોય એવી પ્રતીતિ થાય છે. વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં લાખ્ખો લોકોને રોજગારી મળી અને શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ ઊભી થઈ. ગિફ્ટ સિટી, ધોલેરા, એસ.આઈ.આર., ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ જેવી પહેલો થકી ગુજરાત આજે ઉદ્યોગ જગત માટે પસંદગીનું રાજ્ય બન્યું છે.

મોદી સાહેબે અવિરત વિકાસની દિશા ખોલી આપતી અનેક વિકાસ ભેટ ગુજરાતને આપી છે.

વડાપ્રધાન તરીકેનો કાર્ય સંભાળ્યા બાદ ૧૭ જ દિવસમાં સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપી તથા ગુજરાતની જનતાને બૂલેટ ટ્રેનની ભેટ આપી.

આ ઉપરાંત લોથલ ખાતે નિર્માણાધિન નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ, અમદાવાદ ખાતે તૈયાર થયેલ અને તાજેતરમાં જ લોકાર્પિત થયેલ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષા શક્તિ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો, રાજકોટને મળેલ હિરાસર એરપોર્ટ, લાઈટ હાઉસ પ્રોજેક્ટ અને એઈમ્સ જેવી સુવિધાઓ માટે, કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, વડોદરા ખાતે સી-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદનની સુવિધા, મેટ્રો ટ્રેન, ભારતના સૌથી લાંબા કેબલ સ્ટેડ બ્રિજ એવા સુદર્શન સેતુ, નવસારી ખાતેના પી.એમ. મિત્ર પાર્ક અને ભાવનગર ખાતેના વિશ્વના સૌ પ્રથમ સી.એન.જી. ટર્મિનલ પોર્ટ વગેરે માટે ગુજરાતની જનતા મોદીસાહેબની આભારી છે.

મોદી સાહેબના ૭૫મા વર્ષે...

મોદીજી એ વાતનું જીવંત ઉદાહરણ છે કે, જો સ્વયંમાં વિશ્વાસ અને જનતા જનાર્દનનો પ્રેમ સાથે હોય તો કલ્પનાતિત પરિણામો હાંસલ કરી શકાય છે. આજે ભારતના લોકો મોદીજીને એક નેતા તરીકે નહીં પરંતુ વિકસિત ભારતના ઘડવૈયા તરીકે જોઈ રહ્યા છે. તેમના ૭૫મા જન્મદિવસ અવસરે મોદી સાહેબને આપણે એટલું અવશ્ય કહી શકીએ કે, આપે કંડારેલા વિકાસના રાજમાર્ગ પર ગુજરાત અવિરતપણે આગળ વધતું રહેશે અને વિકાસના અસીમ અજવાળા જગમાં પાથરતું રહેશે. મોદીજીના જ શબ્દોમાં કહીએ તો..

અમે અજવાળા પાથરશું,
જગમાં અજવાળા પાથરશું
એકતા, સમતા, મમતાને
અમે જતન કરી જાળવશું
અમે અજવાળા પાથરશું

લેખક ગુજરાત રાજયના મુખ્યમંત્રી છે.


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


## નવરાત્રીમાં અમદાવાદમાં ગરબાનો સમય રાત્રે ૧૨ વાગ્યા સુધીનો રહેશે

### લોકો કાયદામાં રહીને પર્વ ઉજવેઃ પોલીસ કમિશ્નર મલીક

પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી ૨૨ સપ્ટેમ્બર થી મા દુર્ગાની આરાધનાનુ પર્વ નવરાત્રી શરૂ થનાર છે. રાજયમાં ઠેર ઠેર નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે અમદાવાદમાં પણ અનેક સ્થળો પર ગરબાની રમઝટ સાથે તૈયારીઓ શરૂ કરાઈ છે.



અમદાવાદ પોલીસ કમિશ્નરે નવરાત્રીને લઈને કહ્યુ હતુ કે પોલીસે નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. નવરાત્રીમાં પોલીસ સતત પેટ્રોલીંગ કરશે, પોલીસ કમિશ્નરે વધુમાં કહ્યુ હતુ કે નવરાત્રી સમયે શી ટીમ પણ પેટ્રોલીંગ કરશે. લોકો કાયદામાં રહીને નવરાત્રી ઉજવે તેવી મીડીયાના માધ્યમથી મલીકે અપીલ કરી હતી.

નોટીફીકેશન પ્રમાણે નવરાત્રીમાં ગરબાનો સમય ૧૨ વાગ્યા સુધીનો છે. કોઈપણ દુર્ઘટના થાય તો પીસીઆર વાનને કોઈ હદ નહી નડે, પહેલા હદની સમસ્યાને કારણે કોઈ પ્રતિસાદ મળતો ન હતો ટ્રાફીક નિવારવા માટે વધારાનો બંદોબસ્ત ગોઠવાશે. એસજી હાઈવે અને સિંધુભવન રોડ પર બંદોબસ્ત ગોઠવાશે.

નવરાત્રી અગાઉ રાજય સરકાર દ્વારા ધ્વનિ પ્રદુષણ અંગે એક પોલીસી તૈયાર કરવામાં આવી છે. આ પોલીસીને હાઈકોર્ટમાં રજુ કરવામાં આવી છે. આ પોલીસી પ્રમાણે કોઈપણ સભા કે સરગસ અંગે આયોજકે મંજુરી લેવી ફરજીયાત રહેશે.

ડી જે અને લાઉડ સ્પીકર માટે અલગથી મંજુરી લેવી પડશે. રાજયમાં જિલ્લા કલેકટર દર વરસે સાયલેન્ટ ઝોન જાહેર કરશે. આ નિયમોનુ કલેકટર અને પોલીસ કમિશ્નર પાલન કરાવશે.

## ગુજરાત કોંગ્રેસમાં આગામી દિવસોમા નવા જુની? રાહુલ ગાંધીની હાજરીમાં બંધ કવરમાં કરાશે કામ : રાહુલ ગાંધી તાલુકા-જિલ્લા પ્રમુખોના ઘરે રાત્રી રોકાણ કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસના હાઈકમાન્ડ દ્વારા ગુજરાત કોંગ્રેસના જિલ્લા પ્રમુખો માટે રીપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવ્યુ છે. આ રીપોર્ટ કાર્ડ પ્રમુખોને તેમના સબળા અને નબળા પાસાઓ વિશે જાણકારી આપશે. તમામ જિલ્લાપ્રમુખોની શિબિરના છેલ્લા દિવસે તેમને આ રીપોર્ટ કાર્ડ આપવામાં આવશે. આ રીપોર્ટ કાર્ડ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં બંધ કવરમાં પ્રમુખોને સોંપવામાં આવશે.




આ રીપોર્ટમાં પ્રમુખોએ કરેલા કામો અને ભવિષ્યમાં તેઓ વધુ સારૂ શુ કરી શકે તેના પર ભાર મુકવામાં આવ્યો છે. જે પ્રમુખોએ ધારણા મુજબ કામગીરી કરી નથી તેમને તાકીદ પણ કરવામાં આવશે. આ પગલુ કોંગ્રેસ પક્ષમાં વધુ જવાબદારી અને કાર્યક્ષમતા લાવવાના હેતુથી લેવામાં આવ્યુ છે. આ રીપોર્ટ કાર્ડ દ્વારા પ્રમુખોને પોતાની કામગીરીનુ મુલ્યાંકન કરવાની તક મળશે અને તેઓ ભવિષ્યમાં વધુ સારો દેખાવ કરી શકશે.

ગુજરાતમાં છેલ્લા ૩૦ વરસ કરતા વધુ સમયથી કોંગ્રેસ સત્તા મેળવી શકી નથી. હવે કોંગ્રેસને મજબુત કરવા માટે ખુદ રાહુલ ગાંધીએ કમાન સંભાળી છે. થોડા સમય અગાઉ તેમણે સંસદમાં પણ પડકાર ફેંકયો હતો કે હવે ગુજરાત લઈને જ જંપીશું. તેના ભાગરૂપે આગામી સમયમાં ખુદ રાહુલ ગાંધી ગુજરાતમાં દરેક વિધાનસભા બેઠક દીઠ બે બે દિવસ રોકાવવાનો પોંગ્રામ બનાવી રહ્યા છે. મહિનામાં બે થી ત્રણ વાર તેમની ગુજરાતની મુલાકાત રહેશે. રાહુલ ગાંધી તાલુકાના પ્રમુખોના ઘરે જમશે અને કયારેક રાત્રી રોકાણ કરશે, કોંગ્રેસના સંગઠનમાં જડમુળમાંથી ફેરફાર થઈ રહ્યા છે. એઆઈસીસીના માર્ગદર્શન હેઠળ ૧૦ દિવસની પ્રશિક્ષણ શિબિર જુનાગઢમાં થઈ છે. શિબિરમાં આવેલા રાહુલ ગાંધીએ જિલ્લા અને મહાનગરોના પ્રમુખોને સંબોધન કર્યુ હતુ અને તેમાં સ્પષ્ટતા કરી હતી કે હવે તે આગામી ૧૮ તારીખે પરત ફરે ત્યારે કદાચ વિધાનસભા બેઠક દીઠ તેનો પ્રોગ્રામ તૈયાર થઈ જશે.

ગુજરાતના તમામ વિધાનસભા મતવિસ્તાર એક દિવસ સુધી રાહુલ ગાંધી રોકાણ કરશે જેમાં હોટલોને બદલે જિલ્લા અને તાલુકાના પ્રમુખોના ઘરે જમશે અને ત્યાંજ રાત્રી રોકાણ કરશે. ૧ થી ૨ દિવસના કાર્યક્રમમાં તાલુકા અને જિલ્લા પંચાયતના હારેલા – જિતેલા સભ્ય, પૂર્વ ધારાસભ્યો સહિતનાઓને મળી જે તે બેઠકનો તાગ મેળવશે. વર્ષ ૨૦૨૭ સુધીમાં ગુજરાતની તમામ બેઠકોનો પ્રવાસ પુર્ણ થઈ જાય તે રીતે રાહુલ ગાંધીની ટીમ દ્વારા પ્રવાસનુ આયોજન થઈ રહ્યુ છે. કોંગ્રેસની આ નીતિથી ભાજપ નો પણ જીવ ઉચક થયો છે. ભાજપના નેતાઓમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. રાહુલ ગાંધીની કમાન કેવી સફળતા અપાવશે તે મુદ્દે અનેક રાજકીય ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.


ગરવી ગુજરાત



એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનું, સોનું-મિની, ગોલ્ડ-ટેન, ગોલ્ડ-પેટલ, ચાંદી, ચાંદી-મિની અને ચાંદી-માઈક્રો વાયદા ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યા

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૫૮૨૬૪.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૧૦૧.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૪૦૧૬૧.૮૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૯૯૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૩૮૭.૭૮ કરોડનું થયું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે કીમતી ધાતુઓમાં સોનાના વાયદામાં રૂ.૧,૧૦,૬૪૪, સોનું-મિની વાયદામાં રૂ.૧,૧૦,૫૫૦, ગોલ્ડ-પેટલના વાયદામાં રૂ.૧૧,૧૨૪, ગોલ્ડ-ટેન વાયદામાં રૂ.૧,૧૦,૮૭૦, ચાંદીના વાયદામાં રૂ.૧,૩૦,૨૬૦, ચાંદી-મિની વાયદામાં રૂ.૧,૩૦,૧૨૫ અને ચાંદી-માઈક્રો વાયદામાં રૂ.૧,૩૦,૧૫૦ના ઓલ ટાઈમ હાઈ ભાવ જોવા મળ્યા હતા.

સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૫૦૩૫.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૨૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૦૬૪૪ અને નીચામાં રૂ.૧૧૦૦૭૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૦૧૭૯ના આગલા બંધ સામે રૂ.૪૦૫ વધી રૂ.૧૧૦૫૮૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૪૬ વધી રૂ.૮૮૬૪૫ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૬૮ વધી રૂ.૧૧૧૨૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૫ વધી રૂ.૧૧૦૫૦૦ થયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૦૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૦૮૦૦ અને નીચામાં રૂ.૧૧૦૦૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૦૨૬૪ના આગલા બંધ સામે રૂ.૫૩૬ વધી રૂ.૧૧૦૮૦૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૯૩૩૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૦૨૬૦ અને નીચામાં રૂ.૧૨૯૨૧૪ના મથાળે અથડાઈ, રૂ.૧૨૯૪૨૯ના આગલા બંધ સામે રૂ.૭૨૩ વધી રૂ.૧૩૦૧૫૨ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૭૩૩ વધી રૂ.૧૩૦૦૦૪ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૭૪૮ વધી રૂ.૧૩૦૦૧૩ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૭૧૦.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૮૦ અને નીચામાં રૂ.૩૮૨૬ના મથાળે અથડાઈ, રૂ.૨૦ વધી રૂ.૩૮૬૭ થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૫૮૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૧૮ અને નીચામાં રૂ.૫૫૪૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૮૭ના આગલા બંધ સામે

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૪નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૧૦૧.૭૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૪૦૧૬૧.૮૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૫૦૩૫.૧૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૫૯૯૭ પોઈન્ટના સ્તરે**

રૂ.૨૪ વધી રૂ.૫૬૧૧ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨૩ વધી રૂ.૫૬૦૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬ વધી રૂ.૨૭૧.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૫.૯ વધી રૂ.૨૭૧.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૨.૯ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૧૦૦૪.૨ના સ્તરે પહોંચ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૭૦ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૭૭૨.૨૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૨૬૨.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૯૬૬.૦૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૫.૭૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩.૫૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૦.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૭.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૯૧.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૦૧.૯૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧૩.૯૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૬૧ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૨૦૭૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૭૧૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૧૫૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૩૫૫૮૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૩૯૭૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૪૪૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૫૧૫૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૯૫૧૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૧૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૯૭૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૬૪૮૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૮૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૬૦૮૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૭૯૩ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૧૨ પોઈન્ટ વધી ૨૫૯૯૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૯ વધી રૂ.૬૧.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ વધી રૂ.૯.૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯ વધી રૂ.૫૩૬ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૫૩.૫ વધી રૂ.૨૨૯૩ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૧ પૈસા ઘટી રૂ.૭.૨૩ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૩ પૈસા ઘટી રૂ.૨.૪૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૭ ઘટી રૂ.૧૪.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯૫ ઘટી રૂ.૮.૨ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૩.૫ ઘટી રૂ.૪૬૨ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૦૧.૫ ઘટી રૂ.૧૨૪૦ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૪ પૈસા વધી રૂ.૩.૭ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૬ પૈસા ઘટી રૂ.૧.૨ થયો હતો.

# ગુજરાતના ૩ આઈએએસ અધિકારીઓ માટે દિલ્હી જવુ હજુ વહેલુ પડી રહ્યુ છે : નાણાં સચિવ બનવાની રેસમાં અનેક અધિકારીઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના ૩ આઈએએસ અધિકારીઓનુ દિલ્હી જવાનુ સ્વપ્ન ચકનાચુર થઈ ગયુ છે. કારણ કે કેન્દ્ર સરકારે દિલ્હીની સેવા માટે હજુ તેમને પસંદ કર્યા નથી કેન્દ્રીય કેબિનેટની એપોઈન્ટમેન્ટ કમિટીએ ગત અઠવાડીએ દેશના જુદા જુદા રાજયોના ૩૫ અધિકારીઓને દિલ્હી ખાતે ડેપ્યુટેશન આપી પાટનગરમાં બોલાવી લીધા, પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે ગુજરાતમાં એકપણ અધિકારીને પસંદ કરાયા ન હતા.



આરતી કંવર, શાહમીના હુસેન અને જે પી શીવહરે દિલ્હી જવાના વેઈટીંગ લીસ્ટમાં હતા, પરંતુ તેમને હજુ વધુ રાહ જોવી પડશે તેવુ લાગી રહ્યુ છે. અલબત્ત આ ત્રણેય અધિકારીના ડેપ્યુટેશનની મંજુરી અપાઈ છે પરંતુ હજુ થોડા વધુ દિવસો તેમને ગુજરાતમાં જ રહેવુ પડશે. હાલના સંજોગોમાં તો રાજયના નિવૃત્ત અથવા તો ચાલુ વરસે નિવૃત્ત થનારા લગભગ અડધો ડઝન સનદી અધિકારીઓ રાજયના વહિવટી તંત્ર માટે એક મોટી રાહત પુરવાર થયા છે. એક વર્ષ અગાઉ દિલ્હીથી ગાંધીનગર પાછા ફરેલા રાજયના ટેક્ષ વિભાગના ચીફ કમિશ્નર રાજીવ ટોપનો અને ફાઈનાન્સ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી ટી નટરાજન હવે દિલ્હી પાછા જવા માટે થનગની રહ્યા છે. આ બંને અધિકારીઓ ઘણા લાંબા સમય સુધી રાજયની બહાર ગયા હોવાથી હવે તેઓ દિલ્હી પાછા ફરવા ઉત્સુક છે. કેન્દ્ર સરકારના વિશ્વસનીય સુત્રોના કહેવા પ્રમાણે આ બંને અધિકારીની નજર કેન્દ્રના નાણાં સચિવ પદ ઉપર રહેલી છે. કારણ કે આ બંને અધિકારીઓ નાણાં અને તેની સાથે સંકળાયેલા અન્ય વિભાગોમાં વધુ સમય સુધી કામ કર્યુ હોવાથી તેઓ દેશના નાણાં વિભાગનુ સંચાલન સારી રીતે કરવા સક્ષમ ગણાય છે. જો કે આશ્ચર્યની વાત એ છે કે રાજયના અન્ય એક અધિકારી પણ કેન્દ્રીય નાણાં સચિવના પદ ઉપર મીટ માંડીને બેઠા છે. ખુબ જ મલાઈદાર પોસ્ટીંગ પર પોતાની સેવા આપી રહેલા આ અધિકારીની તાજેતરમાં જ અન્ય વિભાગમાં બદલી કરવામાં આવી હતી. કારણ કે તેમની ઉપર અગાઉના વિભાગમાં અનેક ગેરરીતીઓ આચરી હોવાના આક્ષેપ છે અને આ દિશામાં કોઈ ખાતાકીય તપાસનો આદેશ થાય તે અગાઉ તેઓ ગાંધીનગર છોડી દિલ્હી જતા રહેવા માંગે છે. અલબત્ત આ કામ સહેલુ નથી પરંતુ આ અધિકારીને રાજકીય નેતાના આશીર્વાદ છે.

# ગુજરાતમાં બેરોજગારીએ હદ વટાવી : તલાટીની ૨૩૮૪ જગ્યા સામે ૨.૯૫ લાખ ઉમેદવારોએ આપી પરીક્ષા

પ્રતિનિધિ,ગાંધીનગર

વાઈબ્રન્ટ ગુજરાતમાં રોજગારીની ઘણી તકો રહેલી છે તેવી વાતો સરકાર કરી રહી છે. પરંતુ બેરોજગારીની સમસ્યા દિવસે અને દિવસે વકરી રહી છે. ૨૩૮૪ તલાટીની જગ્યા માટે ૨.૯૫ લાખ ઉમેદવારોએ તલાટીની પરીક્ષા આપી હતી.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી સ્પર્ધાત્મક પરીક્ષામાં હજારો નહી પરંતુ લાખો ઉમેદવારોએ ભાગ લીધો હતો. જેના પરથી ગુજરાતમાં બેરોજગારીનુ બિહામણું ચિત્ર બહાર આવ્યુ છે. સરકારી નોકરી એ શિક્ષિત યુવાઓ માટે સપનુ બન્યુ છે. જેના કારણે સ્પર્ધાત્મક પરીક્ષામાં હજારો લાખો ઉમેદવારો ભાગ લેતા થયા છે. રેવન્યુ તલાટી વર્ગ ૩ ની ૨૩૮૪ ખાલી જગ્યા પડી છે. ત્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે પરીક્ષા લેવાનુ કરતા ૪.૨૫ લાખ ઉમેદવારોએ અરજી કરી હતી. જે પૈકી ૩.૯૯ લાખ ઉમેદવારોએ રવિવારે પરીક્ષા આપી હતી. રાજયના ૨૩ જિલ્લાઓમાં આવેલા ૧૩૮૪ પરીક્ષા કેન્દ્રો પર લેવાઈ હતી. જયાં બાયોમેટ્રીક વેરીફીકેશન જ નહી ખિસ્સા તપાસી ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રમાં એન્ટ્રી અપાઈ હતી. રવિવારે બપોરે ૧૨ વાગે પરીક્ષા શરૂ થાય તે અગાઉ જ ઉમેદવારો પરીક્ષા કેન્દ્રો પર પહોચ્યા હતા. પરીક્ષાની પારદર્શિતા જળવાઈ રહે તે માટે સીસીટીવીથી મોનીટરીંગ કરાયુ હતું. અમદાવાદ શહેરમાં તલાટીની પરીક્ષા આપવા માટે કુલ ૩૬,૫૨૪ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા તે પૈકી ૧૧૫૨૪ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે સ્ટ્રોન્ગ રૂમથી પરીક્ષા કેન્દ્રો પર પેપર પહોંચાડાયા હતા. નવા કાયદા મુજબ પેપર લીક કરનારાને ૧૦ વરસની જેલ અને ૧ કરોડ રૂપીયાનો દંડ ફટકારાશે. પરીક્ષામાં ગેરરીતી અટકાવવા તંત્ર દ્વારા ખાસ કાળજી લેવામાં આવી હતી.







जीवेत शरदः शतम्

સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

17મી સપ્ટેમ્બરથી

# સ્વચ્છોત્સવ અને સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ



## સ્વચ્છોત્સવ 2025

**17 સપ્ટેમ્બરથી 31મી ઓક્ટોબર** સુધી રાજ્યવ્યાપી સફાઇ અભિયાન

**ધાર્મિક** અને **પ્રવાસન સ્થળોની સફાઇ**

શહેરના તમામ **બાગ-બગીચાઓ, ફૂટપાથ અને ધોરીમાર્ગોની સફાઇ**

તમામ **રહેણાંક, વાણિજ્ય અને સ્લમ વિસ્તારોની સફાઇ**

શહેરના તમામ **જી.વી.પી. (ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ્સ)** અને **સી.ટી.યુ. (ક્લિનલિનેસ ટાર્ગેટ યુનિટ)**ની સફાઇ

**સફાઇમિત્ર સુરક્ષા શિબિરનું** આયોજન

ભાગીદારી થકી **સ્વચ્છતાને પ્રોત્સાહન**



## સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

**ગુજરાતમાં તા. 17 સપ્ટેમ્બર થી 02 ઓકટોબર 2025 સુધી** સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન ઉજવાશે

**17 સપ્ટેમ્બર થી 16 ઓક્ટોબર સુધી** 8મા પોષણ માહની ઉજવણી

**સહી પોષણ, દેશ રોશનના** મંત્ર સાથે રાજ્યવ્યાપી કાર્યક્રમ

17 સપ્ટેમ્બરે **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત 600 સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું** પણ આયોજન

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી** મધ્યપ્રદેશથી કરાવશે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

**મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણ** આધારિત કાર્યક્રમોનું રાજ્યવ્યાપી આયોજન

જે પૈકી **10,849 સ્પેશિયાલિસ્ટ કેમ્પ** અને **1,30,188 સ્ક્રીનિંગ કેમ્પ** દ્વારા નાગરિકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ અપાશે

રાજ્યમાં અંદાજે કુલ **1.41 લાખ કરતાં વધુ** હેલ્થ કેમ્પનું આયોજન

# સ્વચ્છતા અને નારી સશક્તિકરણ તરફ
## ગુજરાતની મક્કમ ગતિ

